# જૂનાગઢની અમ્બિકાદેવીની ધાતુપ્રતિમાનો લેખ

સંપા. લક્ષ્મણભાઈ ભોજક

જૂનાગઢમાં ઉપરકોટ તરફ જતાં, જગમાલ ચોકના વણિક મહોલ્લામાં શહેરના સૌથી મોટા પણ પ્રમાણમાં અર્વાચીન એવા મહાવીરસ્વામીના મન્દિરમાં જિન અરિષ્ટનેમિની શાસનદેવી અમ્બિકાની એક ધાતુપ્રતિમા સંરક્ષિત છે. એનો ઉલ્લેખ (તેના પર અંકિત અભિલેખના વર્ષ સાથે) પંડિત-પ્રવર અંબાલાલ પ્રેમચંદ શાહ દ્વારા થયેલો છે.[1] અહીં લેખની વાચના મૂળ પ્રતિમાના ચિત્ર સાથે પ્રકાશિત કરું છું. લેખ પ્રતિમાના પાછળના ભાગમાં નીચે મુજબ કંડારાયેલો છે :

[१] सं.१०९२ वर्षे नागेन्द्रसंतानेन इतबारकस्था [–]
[२] ने अंबिकाप्रतिमा समस्तगोष्ठया कारिता ॥

પ્રતિમા નાગેન્દ્રગચ્છના ગોષ્ઠિઓએ ભરાવેલ છે; પણ સ્થાનનું નામ 'ઇતબારક'(?) જણાવ્યું છે, ગિરિનગર કે જીર્ણદુર્ગ (જૂનાગઢ) નહીં; આથી આ પ્રતિમાને જૂનાગઢ સાથે સંબંધ હોય તેમ જણાતું નથી. 'ઇતબારક-સ્થાન'નો અલબત્ કંઈ પત્તો લાગતો નથી. (કોતરનારે નામ કંડારવામાં કંઈ ગરબડ કરી હશે?)

પ્રતિમા (જુઓ ચિત્ર) લગભગ ૧૩ ઇંચ ઊંચી અને તળીએ લગભગ ૭½ ઇંચ પહોળી છે. ભદ્રાસનની ઉપર વાહનરૂપે પ્રલમ્બિત સિંહ, અને તેના પર પાથરેલ પદ્મ પર અર્ધપર્યંકાસનમાં ભગવતી અમ્બિકા વિરાજમાન છે. ડાબી બાજુ અંકમાં પુત્ર શુભંકર અને સિંહના મોઢા પાછળ દીપંકર ઊભેલ છે. આસનના ઊર્ધ્વદર્શનમાં ઉપર મનોહર વલ્લિમય ઇલ્લિકા-તોરણ, તેમાં વચ્ચે જિન અરિષ્ટનેમિનું મંગલ-બિમ્બ, અને તોરણ ફરતી આમ્રજાલની શોભા કરી છે. દેવીની (ઘસાયેલી) મુખાકૃતિ પાછળ પદ્મપ્રભા કાઢેલી છે. જિન તથા શુભંકરનાં મુખ પણ, વર્ષોની પૂજાને કારણે, ઘસાઈ ગયાં છે. તેમ છતાં ૧૧મા શતકના પૂર્વાર્ધની, ઈ.સ. ૧૦૩૬ની, કલાત્મક પ્રતિમા હોઈ, તેમજ તેમાં નાગેન્દ્ર (ગચ્છ)નો ઉલ્લેખ હોઈ, એનું મહત્ત્વ અવશ્ય છે.

---

૧. જુઓ જૈન તીર્થ સર્વસંગ્રહ ભાગ પહેલો [ખંડ પહેલો] અમદાવાદ સન ૧૯૫૩, પૃ. ૧૧૯–૨૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org